---

મહીસાગરના મે. એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,
મુ.લુણાવાડા

---

ફોજદારી કેસ નં.૨૩૦/૨૫
આંક :- 6

ફરિયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– અરવીંદભાઈ પર્વતભાઈ નાયક

રહે. મોટા સોનેલા નાયક ફળીયુ, તા. લુણાવાડા જી. મહીસાગર

ગુન્હો : ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૫ એએ મુજબ

## –: ચુકાદો :–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૮/૧૧/૨૪ના રોજ કલાક ૧૮/૪૫ વાગે મોજે મોટા સોનેલા નાયક ફળીયા ગામે પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના રહેણાંકના ઘરમાં એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારુ લી. ૪ કિ.રુ. ૪૦૦/– નો રાખી પોલીસ રેડ દરમીયાન ઘરે હાજર નહી મળી આવી પાછળથી પકડાઈ જઈ ગુનો કરેલ છે અને તે મતલબની ફરીયાદ હકીકતના આધારે ગુનો રજીસ્ટર કરી ગુનાને લગત તપાસ કરી આ કામના આરોપી સામે પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલ છે.

(૨) આ કામના આરોપી અદાલત સમક્ષ હાજર થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ નકલો આપવામાં આવેલ. આ કામે આંક– ૩ થી આરોપીનો જવાબ રેકર્ડ કરવામાં આવેલ જેમાં આ કામના આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ અને તે મતલબની આંક– ૪ થી કબુલાત પુરશીસ રજુ કરેલ છે.

(૩) આ કામના આરપીને સજાની જોગવાઈઓ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાચેલ નથી તેવી સમજ આપવા છતાં તેઓની સામેના આક્ષેપ કબુલ રાખેલ છે. આ કામના આરોપીએ કરેલ ગુનાની સ્વૈરછીક કબુલાત,આર્થિક તેમજ સામાજિક પરિસ્થિતિ તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાત્રીને ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧ (૨) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૫ એએ મુજબના ગુનામાં કસુરવાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)નો દંડ કરવામાં આવે છે અને જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૦૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. : લુણાવાડા
તારીખ : ૦૬/૦૭/૨૬

(રોનકકુમાર અમૃતલાલ પટેલ)
એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લુણાવાડા
કોડ નં. જી.જે.૦૧૬૬૪